પંજાબ : બાદલ, સિદ્ધુ-કેજરીવાલ અને અમરિંદર વચ્ચે ખૂંખાર જંગ

તંત્રીસ્થાનેથી...

બાંગ્લાદેશમાં રમજાનની ઈદની નમાજવેળાએ થયેલા બોમ્બ વિસ્ફોટ અને આતંકી હુમલા જેવો જ આંચકો પંજાબની આગામી ચૂંટણીમાં અત્યાર સુધી સાઈડ લાઈન કરાયેલા ક્રિકેટર - પોલિટિશિયન નવજોત સિદ્ધુના સક્રિય રાજકારણમાં પ્રવેશના સમાચારથી પંજાબના રાજકારણીઓ અકળામણ અનુભવી રહ્યા છે. સિદ્ધુ વાણી શૂરા ખેલાડી છે. ભારતીય જનતા પાર્ટીનાં ઉચ્ચ વર્તુળો સાથે એમના સંબંધો છેલ્લે છેલ્લે ખૂબ જ વણસી ગયા હતા. એમને મનાવી-પટાવીને રાજયસભામાં સમાવેશ કરતાં એમની કાર્યદક્ષતા અને વિશિષ્ટ વાક્‌છટાનો ઉપયોગ પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં થવાનો જ છે એવા સંકેતો તો સૌને મળી જ ગયા હતા. હવે જયારે અમિત શાહે પંજાબ પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની કોર કમિટીમાં સિદ્ધુનો સમાવેશ કર્યો છે ત્યારે એક બાબત સ્પષ્ટ થઈ જાય છે કે પ્રકાશસિંહ બાદલ એન્ડ ફૅમિલીના કડક ટીકાકાર નેતાની પાર્ટી વધુ સમય સુધી ઉપેક્ષા કરી શકે એમ નથી. પંજાબ સરકારમાં મહત્વનું પદ ધરાવતાં નવજોત સિદ્ધુનાં પત્ની નવજોર કૌર સતત અકાળી દળની સરકારની ટીકા કરતાં રહ્યાં છે તે ત્યાં સુધી કે આગામી ચૂંટણીમાં પાર્ટી અકાળી દળ સાથે ગઠબંધન રચશે તો પોતે વિધાનસભાની ચૂંટણી નહીં લડે એવી જાહેરાત સુધ્ધાં કરી ચૂક્યાં છે. હવે જયારે પંજાબમાં શિરોમણિ અકાલીદળ અને ભાજપની સંયુક્ત સરકાર સામે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો બેવડો પડકાર છે અને પંજાબ સરકારની પોલ ખોલતી ફિલ્મ 'ઊડતા પંજાબ'ને પ્રદર્શિત થતી રોકવા આકાશપાતાળ એક કર્યા છતાં પંજાબની અકાલી સરકારને સફળતા નથી મળી ત્યારે આ સરહદી રાજયમાં સત્તામાં વાપસી કરવાનું ઘણું અઘરું છે, એ વાત વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સુપેરે સમજી ગયા છે. મોદીને દિલ્હી અને બિહાર સિવાય બધે જ સફળતા સાંપડી રહી છે ત્યારે પંજાબમાં અકાલી-ભાજપની સંયુક્ત સરકારની સત્તા કોઈ પણ ભોગે ટકી રહે એ દિશામાં કડવા ઘૂંટડા ગળીને પણ સિદ્ધુ જેવા બટકબોલા નેતા સાથે સમાધાન કરવાની ફરજ પડી છે. સિદ્ધુને અમૃતસરની બેઠક નહીં આપીને જેટલીને એ બેઠક પરથી ચૂંટણી લડાવાઈ હતી. જેટલી ઊંધા માટે પટકાયેલા તેની યાદ અપાવવાની જરુર ખરી? તેથી એમને નવજોત સિદ્ધુને પાર્ટીના કેટલાક સિનિયર પ્રાદેશિક નેતાઓ અને ઘટકદળ શિરોમણિ અકાલી દળને નારાજ કરીને પાર્ટીના કોર કમિટીમાં સ્થાન આપ્યું છે. કોંગ્રેસના કેપ્ટન અમરિંદરસિંહને પાર્ટી હાઈ કમાન્ડે સુવાંગ સત્તા સોંપી ફરી વાર કોંગ્રેસનો વાવટો ફરકાવવા અને ભાવિ મુખ્યમંત્રી બનવા છુટ્ટો દોર આપી દીધો છે. આ વખતે પંજાબની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીનું ત્રીજું પરિબળ મેદાનમાં છે. આમ આદમી પાર્ટીના સર્વોચ્ચ નેતા અરવિંદ કેજરીવાલ છેલ્લા કેટલાય દિવસોથી પંજાબમાં રેલીઓ પર રેલીઓ યોજી રહ્યા છે. એમના સાંસદો સામે જાતજાતના આક્ષેપો નોંધાયા છે. એક સ્થાનિક 'આપ' નેતા સામે કુરાન જેવા પવિત્ર ધર્મગ્રંથને અપમાનિત કરી કોમી હુતાશન ફેલાવવાની ફરિયાદ થઈ છે તો બીજા એક રાજેશ ખેતાન સામે પાર્ટીના મેનીફેસ્ટો (ઢંઢેરા)ને પવિત્ર ગુરુગ્રંથસાહેબ સાથે સરખાવવા આક્ષેપ છે. શીખો માટે ગ્રંથસાહેબથી મોટી કોઈ કિતાબ નથી. ખેતાને ચૂંટણી ઢંઢેરાને ઉત્સાહમાં આવી જઈ ગીતા, બાઈબલ અને ગુરુગ્રંથસાહેબ સાથે સરખાવી દીધો એથી હિંદુ કે ખ્રિસ્તીઓ તો નારાજ ન થયા પણ રૂઢિચુસ્ત શીખોમાં ખળભળાટ મચી ગયો. પંજાબનું રાજકારણ સંપૂર્ણપણે ધર્મ આધારિત છે. ખેતાને માફી માગી છતાં વિવાદ શમવાનું નામ નથી લેતો. આગામી દિવસોમાં આવા અનેક વિવાદો સરજાશે - કારણ કે રાજકારણીઓને તો યેનકેન પ્રકારેણ સત્તા ટકાવી રાખવી છે અને જેમની પાસે સત્તા નથી એમને એ કોઈ પણ ભોગે મેળવવી છે. કોંગ્રેસ અને કેજરીવાલ એકમેકના મત કાપે છે કે પછી કેજરીવાલ ભાજપના મતો ઝૂંટવી જાય છે, એના પર પરિણામોનો આધાર રહેશે. પંજાબ નાનું રાજય હોવા છતાં એકી સાથે મોદી, કેજરીવાલ અને રાહુલ ગાંધીના વજૂદનો લિટમસ ટેસ્ટ બની રહેશે.

માંદા માણસ માટે રાખેલું દૂધ મને આપો તો મારા માટે એ દૂધ સોમલ છે

પેટ ટાઢું બોળ કરીને વિલાયતી ઈન્ડિયેનથી વાઈસરોયને કાગળ લખું એ શોભે? - ગાંધી મહાત્માનો સવાલ

અંગ્રેજ વાઈસરોય હિન્દુસ્તાનની સરેરાશ આવકનો પાંચ હજારગણો પગાર લે છે એવી ટીકા કર્યા પછી પણ ગાંધીએ સ્પષ્ટ કર્યું છે કે એ વાઈસરોય પગાર સખાવતમાં ખર્ચી નાંખતા હોય તો એ પગાર આપવો મને ખૂંચે. પણ આ વિરોધ ક્યારે કરી શકાય? હું ગરીબ થઈને રહે તો હોઉં ત્યારે. આવા ઉલ્લેખ સાથે ગાંધીજીએ દાંડીયાત્રા દરમિયાન ઉપદેશ આપ્યો હતો.

એ વખતના એમના જ શબ્દોમાં કહીએ તો 'ઉપદેશ શબ્દ વાપરવો સહેલો છે, પણ ઉપદેશ દેવો અત્યંત કઠીન છે; ઉપદેશ દેવાની માણસમાં યોગ્યતા હોવી જોઈએ, મારામાં તે યોગ્યતા કેટલી છે તેની મને ખબર નથી. પણ આજે હું કેટલીક કબૂલત કરવા ઈચ્છું છું તેને ઉપદેશ માનવો હોય તો ભલે તેમ માનજો એમ કહેતા મહાત્મા ગાંધીએ દાંડીયાત્રાના સત્યાગ્રહીઓ જે ગામ પહોંચે ત્યાં થતી તેમની સરભરા સામે રોષ વ્યક્ત કર્યો હતો. ગરીબના નામે કુચ લઈને નીકળીએ અને કુચમાંના દરેક માણસ દીઠ ગરીબની કમાણીથી પચાસગણું લેતા હાઈએ તો વાઈસરોયના પગાર અંગે કહેવાનો મને અધિકાર શું છે? એવો સવાલ કરતા કહે છે કુચ દરમિયાન અમારા પર થતા ખર્ચનો હિસાબ હું સાથીઓ પાસેથી લેવાનો છું. દેશમાં જયાંથી મળતી હોય ત્યાંથી સારામાં સારી દ્રાક્ષ લઈ આવો, નારંગી લઈ આવો, દૂધ એક શેર જોઈએ ત્યાં ત્રણ શેર લાવી મૂકો. તમને દુઃખ લાગશે એમ કરીને અમે કરી ખાઈ લઈએ અને પછી ટાઢુંબોળ પેટ કરી વાઈસરોયને વિલાયતી ઈંડિપેનથી કાગળ લખીએ કે તમે પાંચ હજાર ગણો પગાર લો છો, તો એ કેવું શોભે? આવો સવાલ કબૂલત રૂપે બાપુ કરે છે.'

ભરૂચ પાસેના ભટ ગામમાં ભાષણ કરતાં મહાત્મા ગાંધી અખાના છપ્પાને યાદ કરતાં કહે છે, 'કાચો પારો ખાવો અન્ન, તેવું છે ચોરીનું ધન' એ દિવ્યવાણી મુજબ તો આપણી ગરીબીને છાજે તે કરતાં વધારે ખર્ચ કરવું એ ચોરી જ છે - અને ચોરી કરીને લડત જીતાય નહીં, આમ લડત જીતવા હું નીકળ્યો પણ નથી ખોટા ખર્ચ સામે આમ જાહેરમાં જ મેલ ધોઈને મારે સંતોષ માનવો રહ્યો એમ કહેતા ટકોર (ઉપદેશ) કરે છે 'આ જો સાનમાં નહીં સમજી જાઓ તો સ્વરાજય મળવાની આશા ન રાખશો.'

ગાંધીજી પોતાની વાત આગળ કરતાં કહે છે, કોઈએ માંદા માણસ માટે બકરીનું દૂધ રાખ્યું હોય તેની પાસેથી 'મહાત્મા'ને આપવું છે એમ કહી પરાણે લઈ આવો તો મારે એ સોમલ સમું છે. એવું દૂધ પીવા હું નથી માગતો. સુરતથી દૂધ અને શાક આવે ને ખાઈએ! એવા દૂધશાક વિના અમે કોઈ મરવાના નથી. મારી નોટીસ જાણજો કે 'આ લડતમાં અમને જે આપો તે કંજૂસ થઈને આપજો, ઉદાર થઈને નહીં.'

આપણને એક લાખ માણસો (અંગ્રેજ સરકારના કર્મચારીઓ - અધિકારીઓ, સૈનિકો) આપણને લૂંટે છે એ પણ નથી ખમાતું તો ત્રીસ કરોડ (૧૯૩૦માં ભારતની વસ્તી) એકબીજાને લૂંટવા લાગશું તો આપણી શી સ્થિતિ થશે. આ સાથે રાત્રે ગામમાં ફરતા અને સભા સ્થળે કિટ્સન લાઈટનો ઉપયોગ પાછળ થતા ખર્ચને ખોટો ગણાવી તેમણે વિરોધ કર્યો. કોઈના માથે બત્તી ઉંચકાવાય નહીં એ તો હિંદુસ્તાનના અજ્ઞાન લોકો જ પાસે જે ચાલી શકે. આપણા ભાઈ પાસે આવી રીતે કામ કેમ લેવાય ? - એમ કહીને વેઠનો પણ વિરોધ કરે છે.

લડતમાં છેલબટાઉપણું નહીં ચાલે એમ કહેતા કહે છે, જો એમ કરવાથી માણસો ભેગા ન થાય તો મને બે-ચાર માણસોની સાથે વાત કરવા આવડે છે ને પછી છાપામાં રિપોર્ટ નહીં છપાય એમ કહેવાશે. હું કહીં દઉં કે આ લડત છાપા મારફત જિતવાની નથી એ તો શ્રીરામની મારફત જિતવાની છે અને તેની પાસે બત્રીની જરૂર નથી.

સ્વરાજ આંદોલનમાં એકેએક કોડીનો હિસાબ મને આપવામાં આવે. તેમ નહીં થાય તો મારું જીવતર ધૂળધાણી કરશો એમ સ્વયંસેવકોને ઉદ્દેશીને કહેતા ચેતવણી ઉચ્ચારે છે કે જો મને સરકાર સામે સત્યાગ્રહ કરતા આવડે છે તો સ્વયંસેવકો અને સત્યાગ્રહીઓ સૌ જાણજો કે મને સગાંઓ અને સાથીઓ સાથે સત્યાગ્રહ કરતાં વધારે આવડે છે. સરકાર સાથે મેદાને પડતાં તો મેં ઘણાં વર્ષો લગાડ્યાં, પણ સગાં ને સાથીઓ સાથે સત્યાગ્રહ કરતાં હું ક્ષણની પણ વાર ન લગાડું.

સંદર્ભ : ૧૪૪, ભટગામમાં ભાષણ, ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ-૪૩, પૃ : ૧૭૨ થી ૧૭૫

(લેખક કૉલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

હું પ્રત્યેક યુગમાં પ્રગટ થાઉં છું

બોલચાલની ભાષામાં ભગવતા ગીતા, ભગવતી ગીતા પણ કહેવાય કારણ કે આપણે ગીતાને માતા કહીએ છીએ.

પાર્થાય પ્રતિબોધિતાં ભગવતા નારાયણેન સ્વયમ્ ।
વ્યાસેન ગ્રથિતાં પુરાણ મુનિનાં મધ્યે મહાભારતમ્ ॥
અદ્વૈત મૃત વર્ષિણી ભગવતિં



એમાં ગીતાને, 'હે અમ્બા! હે માતા' એવું સંબોધન કર્યું. ભગવતી - અષ્ટાધ્યાયિની જેમાં અઢાર અધ્યાય છે એવી. એકવાર હું હરિયાણામાં હતો તો હરિયાણાના કવિઓ સ્વરચિત કાવ્યો સંભળાવવા આવ્યા અને મને કહે, 'ભાઈશ્રી!' યહ હરિયાણા ઔર યહ કુરુક્ષેત્ર યહ વો ધરતી હૈ જહાં સ્વયં શ્રીકૃષ્ણને કવિતા સુનાઈ, અર્જુન કો જબ મોહ હો ગયા વહ વિષાદગ્રસ્ત હો ગયા તબ ભગવાનને અર્જુન કો કવિતા સુનાઈ ઔર એક નહીં અઠારહ કવિતા સુનાઈ ઔર ફિર અર્જુન સે પૂછા, 'ઔર સુનાઉં ક્યા?' તો અર્જુનને કહા, 'નહી મેં લડને કે લિયે તૈયાર હૂં' તેઓ હાસ્ય કવિ હતા એટલે તેઓ આવો વિનોદ કરતા હતા.

એટલે ભગવતી ગીતા પણ કહેવાય અને ભગવતા ગીતા એવું પણ કહેવાય. આપણા ભગવાન વ્યાપક હોવા છતાં તે પ્રગટ થાય છે. વ્યક્તિના રૂપમાં પણ અભિવ્યક્ત થાય છે અને ત્યાં ભગવાન કહે છે...

યદા યદા હિ ધર્મસ્ય જ્ઞાનીર્ભવતિ ભારત્ ।
અભ્યુત્થાનં અધર્મસ્ય તદાત્માન સૃજાત્યહમ્ ॥

જયારે જયારે ધર્મની હાનિ થાય. જયારે જયારે અધર્મની વૃદ્ધિ થાય અધર્મ વધે, અન્યાય વધે, અનીતિ વધે, ખોટું કરવાની વૃત્તિ પ્રવૃત્તિ વધે એ સમયે ભગવાન કહે છે. 'આત્માનં સૃજામ્યહમ્ ।' મૈં અપને આપકો પ્રગટ કરતા હૂં એટલે કે સાકાર રૂપે લોકો સમક્ષ પ્રકટ થાઉં છું. આ વાત ઘણા લોકો માટે બુદ્ધિગમ્ય નથી કે, 'ભગવાન વ્યક્તિના રૂપમાં કેવી રીતે પ્રગટ થાય?' અને થાય છે, હકીકતમાં એવું છે. જો એવું છે તો અત્યારે કેમ નથી થતા ? આપણે ગઈકાલની વાતો કરીએ છીએ. ભગવાનને પોકારી લોકો કહે છે કે, 'પ્રભુ આવી સ્થિતિ છે હવે એક આંટો મારી જાઓ.' ભગવાન આવે ને ગીતામાં તો એમણે વચન આપ્યું છે.

યદા યદા હિ ધર્મસ્ય જ્ઞાનીર્ભવતિ ભારત્ ।
અભ્યુત્થાનં અધર્મસ્ય તદાત્માન સૃજાત્યહમ્ ॥

જો ભગવાન આવે તો એક નિશ્ચિત એજન્ડા સાથે આવે છે. ભગવાન અમથાં આંટો મારવા નથી આવતા એક નિશ્ચિત એજન્ડા સાથે આવે છે અને ભગવાનનો અહીં આવવાનો એજન્ડા શું? તે આગળના શ્લોકમાં કહે છે...

પરિત્રાણાય ચ સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપર્નાથાય સંભવામિ યુગે યુગે ॥

એજન્ડામાં અગ્રતાક્રમ પર જે કામ છે તે છે - 'પરિત્રાણાય સાધૂનાં' - સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવો, સાધુ પુરુષોની રક્ષા કરવી. એનું તાત્પર્ય છે સજ્જનતાની રક્ષા કરવી. બીજું 'દુષ્કૃતામ્ વિનાશામ્' - દુષ્કૃત એટલે કે પાપ કર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ત્રીજું 'ધર્મ સંસ્થાપર્નાથાય' - ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે હું પ્રત્યે યુગમાં પ્રગટ થાઉં છું.

જુઓ, હાલમાં સમગ્ર વિશ્વમાં જેટલા ધર્મો અસ્તિત્વ ધરાવે છે, તેમાં બધા ધર્મો ઈશ્વરને માનીને ચાલનારા ધર્મ નથી કેટલાક નિરિશ્વર પણ છે. તે ધર્મ છે. પણ એમાં ઈશ્વરનો સ્વીકાર નથી. બૌદ્ધિઝમમાં ઈશ્વર નથી, જૈનિઝમમાં પણ ઈશ્વર નથી. આત્માની વાત છે. આત્માના ઉદ્ધારની વાત છે. તીર્થંકરોની વાત છે. તીર્થંકર છે, ઈશ્વર નથી. કેટલાય ધર્મો એવા છે જે નિરિશ્વર છે. ઈશ્વરને માનનારા અને ચાલનારા જે ધર્મો છે. દા.ત. ખ્રિસ્તી, ઈસ્લામ, હિન્દુ એ બધા ઈશ્વરનો સ્વીકાર કરી ચાલનારા ધર્મો છે. એમાં પણ પાછા બે પ્રકારના ધર્મો છે. કેટલાંક ધર્મોમાં ઈશ્વર તો છે પણ એ ઈશ્વર નિર્ગુણ નિરાકાર છે. એ સાકાર નથી. એ લોકો નિરાકારની જ ઉપાસના કરે છે. એટલા માટે મૂર્તિપૂજામાં એમનો કોઈ વિશ્વાસ નથી કારણ કે ઈશ્વર સાકાર નથી. બુત પરસ્તી કો વહ નહીં માનતે.

હિન્દુ ધર્મની વિશેષતા એ છે કે અહીં અનેક દર્શન છે એમાં તમને નિરિશ્વર દર્શન પણ મળશે. સાંખ્ય દર્શનમાં ઈશ્વરની વાત જ નથી. પુરુષ અને પ્રકૃતિની વાત છે અને જયાં ઈશ્વર માત્ર છે એમ જ નહીં, ઈશ્વરના અસ્તિત્વનો આપણે સ્વીકાર કરીએ છીએ એમ જ નહીં, એ ઈશ્વર સગુણ સાકાર રુપે પોતાની જાતને વ્યક્ત કરવામાં સમર્થ છે એવું આપણે કહીએ છીએ. કારણ કે ગીતામાં આપણા ભગવાન પોતે સંદેશ આપે છે કે, 'હું પ્રત્યેગ યુગમાં પ્રગટ થાઉં છું.'

જે કાર્યને ચાહે છે તે શ્રેષ્ઠ કાર્ય કરી શકે છે

શ્રેષ્ઠતા નિયમ બની જાય, આદત બની જાય, ઓળખ બની જાય પછી આપણું કાર્ય જ આપણને આનંદનો અનુભવ કરાવે છે, પ્રવૃત્તિ હંમેશા ખુશી પ્રદાન કરે છે

ગતાંકથી આગળ...

એક ઘરમાં લગ્ન હતા. ઘરની વ્યકિતએ પોતાના ઉદ્યોગપતિ મિત્રને નિમંત્રણ પાઠવ્યું હતું. મિત્રને ત્યાંથી દીકરાના લગ્નમાં કોઈ ન આવ્યું. કોઈ સંદેશો પણ નહોતો. બસ, હવે એ માણસે ધારણાઓ બાંધવા માંડી. પુષ્કળ પૈસા આવી ગયા એટલે અહંકાર આવી ગયો છે. આ પ્રશ્ન પર પતિ-પત્નિએ ત્રણેક કલાક ચર્ચા કરી જાતજાતની ધારણાઓ રચી કાઢી. ચોથે દિવસે ઉદ્યોગપતિ મિત્રને ફોન જોડયો. કંઈપણ પૂછયા વગર પંદર મિનીટ સુધી ધડબડાટી બોલાવી, શબ્દ રૂપી કચરાનો ઊભરો ઠાલવ્યો અને પૂછયું : 'હવે બોલો અને નહીં આવ્યા તે માટે ગોઠવેલાં બહાના રજૂ કરો.' જવાબમાં ઉદ્યોગપતિ મિત્રના ડૂસકાં સંભળાયા. થોડી સ્વસ્થતા પ્રાપ્ત કરીને એમણે જણાવ્યું, તમારે ત્યાં લગ્ન હતા તેની આગલી સાંજે મારા દીકરાને જીવલેણ અકસ્માત થયો. અમે એને બચાવી શકયા નહીં. તમારે ત્યાં મંગળ પ્રસંગ હતો એટલે તમને જણાવ્યું નહીં. લગ્ન બરાબર પતી ગયાને, ભાઈ ? પેલા ધારણાઓ બાંધનારો મિત્ર શું બોલે ? હૈયાફાટ રૂદન કરીને એમણે પોતાનો અપરાધનો ભાર હળવો કર્યો.

જગતની મોટાભાગની પળોજણો અને મુશ્કેલીઓ ગેરસમજમાંથી ઊભી થતી હોય છે અને ગેરસમજ ધારણા (assumptions) બાંધવાથી ઊભી થાય છે.'મેં બાંધેલી ધારણા સત્ય છે' - આ વાકય સ્વયં ખૂબ મોટું જોખમ ઊભું કરે છે. ત્રીજો સંકલ્પ છે ધારણાઓનું અર્ધસત્ય.

સંબંધમાં ધારણાઓ બાંધનાર સામે ચાલીને આફત નોતરે છે. કોઈ બોલે તોય ધારણા બાંધીએ છીએ. કોઈ ન બોલે તો ય ધારણા બાંધીએ છીએ. સ્વયં દુઃખી થવાનો આ ઉત્તમ કિમીયો છે...!!

આપણે એ રીતે ધારણા બાંધીએ છીએ કે હું જે વિચારું છું એ રીતે બધા વિચારે છે, બનાવો અને ઘટનાઓને હું જે રીતે મૂલવું છું એ રીતે જ બધા મૂલવે છે. આ ધારણાઓ તૂટે છે, ખોટી સાબિત થાય છે ત્યારે મનમાં સંઘર્ષ અને વિષાદ જન્મ લે છે.ધ ફોર અગ્રીમન્ટ્સ પુસ્તકમાં લેખક ત્રીજા સંકલ્પને આ દૃષ્ટિએ જોવાનું કહે છે.

આપણે માત્ર એટલું જ જોઈએ છીએ જેટલું જોવા ઈચ્છીએ છીએ. સાચો પ્રેમ સામેના પાત્રને, તે જેવું છે તેવું સ્વીકારવામાં રહેલો છે. આપણા જીવનસાથી અંગે અથવા જેમને આપણે ચાહતા હોઈએ તેમને માટેની ધારણાઓ બાંધવાની બંધ કરી દઈએ તો જ સુખદ અનુભૂતિના હકકદાર બનીએ.

જે કરો શ્રેષ્ઠ કરો - આ ચોથા અને અંતિમ સંકલ્પમાં રુઈઝ ઉમેરે છે કે શ્રેષ્ઠતા મેળવવા સતત ઝઝુમવાનું હોય છે.આપણું શ્રેષ્ઠ આ ક્ષણે હશે તે ત્યાર પછીની ક્ષણ માટે શ્રેષ્ઠ ન પણ હોય. બધી જ બાબતો જીવંત છે અને પ્રત્યેક ક્ષણે બદલાય છે એટલે કોઈ એક સમયે જે શ્રેષ્ઠ હોય પરંતુ ત્યાર પછીના સમયે તે ગુણવત્તાપૂર્ણ ન પણ હોય. હંમેશા શ્રેષ્ઠનું સર્જન કરી શકાતું નથી. ગુણવત્તાની ચિંતા કર્યા વગર શ્રેષ્ઠ આપવાની કોશિશ કરવાની છે. કોઈપણ સંજોગોમાં શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન થવો જ જોઈએ. માંદગી હોય, મૂડ ન હોય, પ્રતિકૂળ સંજોગ હોય ત્યારે પણ હંમેશા શ્રેષ્ઠ જ પીરસવું. શ્રેષ્ઠતા માટે સાતત્ય જરૂરી છે. શ્રેષ્ઠતા નિયમ બની જાય, આદત બની જાય, ઓળખ બની જાય પછી આપણું કાર્ય જ આપણને આનંદનો અનુભવ કરાવે છે. પ્રવૃત્તિ હંમેશા ખુશી પ્રદાન કરે છે. જે કાર્યને ચાહે છે તે શ્રેષ્ઠ કાર્ય કરી શકે છે.

ચેતનવંત વ્યકિતમાંથી જિંદગી પસાર થાય છે. શ્રેષ્ઠ અર્પણ કરવા માટેની તકને અવરોધવી નહિ કારણ કે એ માર્ગથી સ્વયં ભગવાન આપણામાંથી પસાર થઈ રહયાં હોય એમ બને. શ્રેષ્ઠતાનું કમિટમેન્ટ તાંબાના પત્ર પર લખી રાખીએ. અન્યોને ચાહતા-ચાહતાં પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટી શકે.

કામને અંતે આનંદની અનુભૂતિ - એ ચોથા પ્રકારના સંકલ્પનું ઉત્તમ પ્રદાન છે. શબ્દોની પસંદગી, અંગત રીતે ન લેવાની વાત, ધારણાઓનું અર્ધસત્ય અને જે કરવું શ્રેષ્ઠ જ કરવુ. આ ચાર સંકલ્પો જીવનને ચેતનવંતુ, લચીલુ અને આશાસ્પદ બનાવી શકે.

મિસરી

'આંખમાં અમી તો દુનિયા ગમી
જીભમાં અમી તો દુનિયા નમી'

-અજ્ઞાત

''હું તો બસ ફરવા આવ્યો છું''

દર્શક ફાઉન્ડેશન દ્વારા કવિ નિરંજન ભગતની ૯૦મી વર્ષગાંઠ પ્રસંગે એક સ્નેહમિલન 'હું તો બસ ફરવા આવ્યો છું'નું આયોજન કરવામાં આવ્યું હતું.

નિરંજન ભગતનો જન્મ અમદાવાદમાં ૧૮મી મે, ૧૯૨૬ના રોજ થયો હતો. તેમણે ૧૯૪૩માં સોળ વર્ષની વયે કાવ્યલેખનનો પ્રારંભ કર્યો હતો. એમણે સાત કાવ્ય સંગ્રહો અને દસ વિવેચન સંગ્રહો પ્રગટ કર્યા છે. સાવ નિરાળું જીવન જીવતા ભગતસાહેબ આ ઉંમરે પણ લેખો લખે છે, વ્યાખ્યાનો આપેછે અને કવિતા પણ લખે છે. તેમને ૧૯૪૯માં કુમાર સુવર્ણ ચંદ્રક, ૧૯૫૭માં નર્મદ ચંદ્રક, ૧૯૬૯માં રણજિતરામ સુવર્ણ ચંદ્રક, ૧૯૯૯માં સાહિત્ય અકાદમી પુરસ્કાર, ૨૦૦૧માં નરસિંહ મહેતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેઓએ ૧૯૪૪-૪૬ દરમિયાન અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં બે વર્ષનું શિક્ષણ લઈ, ૧૯૪૮માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી એન્ટાયર અંગ્રેજી વિષય સાથે બી.એ. કર્યું અને ફરી એલ.ડી. આર્ટ્સમાં દાખળ થઈ મુખ્ય અંગ્રેજી વિષય અને ગુજરાતી ગૌણ વિષયમાં એમ.એમ. કર્યું. ૧૯૫૦થી ૧૯૮૬ સુધી અમદાવાદની કૉલેજોમાં અંગ્રેજીના અધ્યાપક તથા વિભાગીય અધ્યક્ષ તરીકે કામ કર્યું.

કવિનાં નગરજીવનનાં કાવ્યો એ સૌથી મોટું પ્રદાન છે. છંદોલય (૧૯૪૯), કિન્નરી (૧૯૫૦), અલ્પવિરામ (૧૯૫૩), ૩૩ કાવ્યો (૧૯૫૮) વગેરે કાવ્યસંગ્રહો છે. 'રે આજ આષાઢ આયો' તેમની ઉત્તમ ગીતરચના છે.

ગુજરાતી ભાષાના અગ્રણી કવિ ચંદ્રકાન્ત શેઠનાં પરિચયની ખાસ જરુર રહેતી નથી. સાહિત્ય ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો- રણજિતરામ સુવર્ણચંદ્ર, સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર, નર્મદ સુવર્ણચંદ્રક, નરસિંહ મેહતા એવોર્ડ ઉપરાંત ૧૪મી મે, ૨૦૧૬ના રોજ એમને 'કાવ્યમુદ્રા એવોર્ડ' અપાતાં, તેમની યશકલગીમાં એક વધુ નવા પીંછાનો ઉમેરો થયો છે. શ્રી ચંદ્રકાન્તે ગુજરાતી સાહિત્યને ઉત્તમ કોટિની, વિપુલ સંખ્યામાં - અઢળક કવિતાઓ આપીને સમૃદ્ધ કર્યું છે. તેમણે ચૌદ રત્ન સમા ચૌદ કાવ્યસંગ્રહો આપ્યા છે, જેમાં પહેલો સંગ્રહ 'પવન રૂપેરી' (૧૯૭૨) અને ચૌદમો સંગ્રહ 'હદમાં અનહદ' (૨૦૧૫) આપ્યો. કવિતામાં સોનેટ, ગીત, અછાંદસ એમ બધાં પ્રકારોમાં નોંધપાત્ર ખેડાણ કર્યું છે.

● સમર્થ વાર્તાકાર, પીડિત વર્ગ સાથે ઊંડી નિસ્બત ધરાવનાર, વિરલ સાહિત્યકાર, હિમાંશી શેલતેને તાજેતરમાં 'દર્શક ફાઉન્ડેશન એવોર્ડ'થી સન્માનવામાં આવ્યાં, તેમણે, ટૂંકી વાર્તાઓ થકી સ્ત્રીની મનોદશા, શોષિત-વંચિતોની અવદસા, સંઘર્ષ એન શક્તિને વાચા આપી છે. હિમાંશી શેલતે પ્લેટફોર્મ પર રખડતાં, ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો સાથે અને સુરતમાં દેહ-વ્યવસાય કરનારી મહિલાઓ સાથે પણ કામ કર્યું છે. એમના સર્જનમાં સામાજિક નિસબત અને કલાસૌંદર્યનું દુર્લભ સંતુલન જોવા મળે છે. લેખક તરીકે તેમનામાં સામાજિક સભાનતા અને ગદ્ય - પ્રતિભા ઝળાહળાં છે. હિમાંશી શેલતેનું આત્મકથન 'મુક્તિ વૃત્તાંત', ફેબ્રુઆરી-૨૦૧૬માં પ્રગટ થયું છે. તેમનામાં પર પત્રકાર દાદાશ્રી ('પ્રતાપ' દૈનિક તંત્રી) કાલિદાસ શેલતની મોટી છાપ છે. તેમણે ભારતીય મૂળના અંગ્રેજી લેખક નાયપૉલની નવલકથાઓ પર ડૉકટરેટ મેળવી છે. અલગારી અને ખુદ્દાસ મેઘાણીપુત્ર વિનોદભાઈ સાથે ૧૯૯૫માં લગ્ન કર્યાં. તેમનું પહેલું સંપાદન સ્વામી આનંદ અને મકરંદ દવેનો પત્રવ્યવહાર 'સ્વામી અને સાંઈ'. મા-દીકરીના મૈત્રી સંબંધ વિશેના લેખોનો સંચય તે 'પહેલો અક્ષર' પચ્ચીસેક વર્ષ સાગરખેડૂ તરીકે વિગતવાર અનુવાદ અને સંપાદક વિચક્ષણ વિનોદભાઈની મુસાફરીનાં 'મૌલિક સ્મૃતિ ચિત્રો'નું 'ઘુમવા દીગ્દીગંતો' નામે સંપાદન કર્યું. નવલકથા 'આઠમો રંગ,' લઘુનવલ 'સપ્તધારા' અને સુંદર નિબંધ સંગ્રહ 'એકડાની ચકલીઓ' એ વ્યંગ કટાક્ષ લેખોનો સંગ્રહ છે.



● રાષ્ટ્રીય શાયર મેઘાણીએ દલિતોની પીડાને -વ્યથાને જનજન સુધી પહોંચાડવા જેમ સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તેમ, લોકકવિ પદ્મશ્રી દુલા ભાયા કાગે પણ છેક અંગ્રેજોના સમયમાં એમની વેઠ કરતા દલિતોની વાતો, એમના દુહાઓ અને છંદોમાં વર્ણવી છે. આ મેઘાણી એન કાગની અસર જેના પર છે. તેવા 'ચારણ' પ્રવીણ ગઢવીએ કાગ અને મેઘાણીના દલિતપ્રેમ વિશે સ્વતંત્ર અભ્યાસ લેખો આપ્યા છે. એ પણ કેવી વિડંબના કે મેઘાણીના દલિત પ્રેમ અને કાગની દલિતવાણી પર પણ પ્રવીણ ગઢવી સિવાય બીજા કોઈ અદલિત સર્જકનું ધ્યાન પણ ગયું નથી! આવા અનન્ય દલિત નિષ્ઠાવાન અને અ-દલિત પણ સવાયા દલિત પ્રવીણ ગઢવીનો દસમો કાવ્યસંગ્રહ 'ન સાંભળે કોઈ' તાજેતરમાં પ્રગટ થયો, જેમાં દલિત-પ્રતિબદ્ધ કાવ્યો અસ્પૃશ્યતા, અવમાન, અવહેલના, અસમાનતા, દરિદ્રતા, આપખુદશાહી, સાંપ્રદાયિકતા, ય